# પ્રેસનોટ

**પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર રાષ્ટ્રધ્વજના યોગ્ય માન સન્માન અંગે એડવાઇઝરી પ્રેસ નોટ.**

૧૫ મી ઓગષ્ટ નારોજ સમગ્ર દેશમાં સ્વાતંત્ર દિન ની ઉજવણી ઉત્સાહ પુર્વક લોકો કરે છે. અને રાષ્ટ્ર પ્રેમનો અનોખો માહોલ સર્જાય છે. લોકો પોતાના વાહનો ઉપર, ધંધાના સ્થળે, ફેક્ટરીઓ ઉપર, મકાનો ઉપર, નાના મોટા પ્રમાણના ધ્વજો જાહેરમાં પ્રદર્શીત કરે છે. તેમજ જાહેરમાં યોજવામાં આવતા કાર્યક્રમ દરમ્યાન સ્કુલો અને સંસ્થાઓ તરફથી નિકળતી રેલીઓમાં નિકળનાર હાથમાં ધ્વજ લઇ સ્વાતંત્ર દિન ની ઉજવણી કરે છે.

સ્વાતંત્ર દિનની ઉજવણી બાદ રાષ્ટ્રધ્વજ ને ગમે ત્યાં રોડ ઉપર, કચરાનાં ઢગલામાં તેમજ અન્ય જગ્યાએ નાખવાથી રાષ્ટ્રધ્વજની મર્યાદા જળવાતી નથી. અને રાષ્ટ્રધ્વજનું અપમાન થતું જોવામાં આવે છે અને ફાટેલા રાષ્ટ્રધ્વજનાં ટુકડા ઘણા દિવસો સુધી રોડ ઉપર તથા કચરામાં ગેમેતેવી અન્ય જગ્યાઓએ પડી રહેલા માલુમ પડે છે.

રાષ્ટ્રધ્વજનો આદર કરવો અને માન મર્યાદા જાળવવી તે દરેક નાગરીકની ફરજ છે।આ માટે ફલેગ કોડમાં આપેલ સુચનાઓ મુજબ ફલેગને રાખી શકાય છે. તે સિવાયના સંજોગોમાં રાષ્ટ્રમાનક ચીન્હોના દુરઉપયોગ રોકવાના કાયદા મુજબ તથા રાષ્ટ્ર પ્રતિષ્ઠા અપમાન પ્રતિબંધ અધિનિયમ ૧૯૭૧ ની કલમ ૨ મુજબ ત્રણ વર્ષ સુધીની સજા અને દંડને પાત્ર ગુનો બને છે. કાયદા મુજબ શિક્ષાને પાત્ર હોઇ દરેક નાગરિકે રાષ્ટ્રધ્વજનું માન સન્માન જળવાય તે રીતે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ તમામ નાગરીકો ને અનુરોધ કરવામાં આવે છે.

(વિકાસ સહાય)
સંયુક્ત પોલીસ કમિશ્નર
વિશેષ શાખા, અમદાવાદ શહેર